આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

પ્રભુ પ્રેમ સ્વરૂપ છે જે
પ્રેમમય જીવે છે તેમાં
પ્રભુ વસે છે અને એ જ
પ્રભુમાં વસે છે
- નિત્શે

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૫૫ | ૧૪ ઓગષ્ટ ૨૦૧૨, મંગળવાર, શ્રાવણ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# દહેગામમાં ૨૪ કલાકમાં ચાર ઈંચ વરસાદ

## ગાંધીનગર-માણસા અને કલોલમાં પણ ચાલુ રહેલી મેઘ મહેર

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેર અને જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી ચાલુ થયેલ મેઘ-મહેર આજે પણ ચાલુ રહેવા પામી હતી. આજે જિલ્લાના દહેગામ તાલુકામાં ૪ ઈંચ જેટલો વરસાદ સાંજના સાત વાગ્યા સુધીમાં નોંધાયો હતો તો કલોલમાં ત્રણ ઈંચ અને ગાંધીનગર-માણસામાં બે બે ઈંચથી પણ વધુ વરસાદ નોંધાયો હતો.

જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી થઈ રહેલા એકધારા વરસાદને કારણે ગ્રામ્ય વિસ્તારના

● અનુસંધાન પાન-૭ પર

## ચિલોડાનુ તળાવ છલકાયું

ચિલોડા, તા. ૧૩

સૌએ આશા મુકી દીધી હતી તેજ વખતે વરસાદે ધમાકેદાર એન્ટ્રી કરતા નદી, નાળાં અને તળાવોમાં નવા નીરની આવક થઈ છે. ચિલોડા પંથકમાં સારો વરસાદ થતાં ચિલોડા ગામનું તળાવ ઉભરાઈ ગયું છે. તળાવ ભરાઈ જતાં ગ્રામજનો ખુશખુશાલ બન્યા છે.

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં વરસાદી માહોલ પૂર્ણ પણે જામ્યો છે. ચિલોડાના વિશાળ તળાવ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના તળાવોમાં નવા નીરની આવક થઈ રહી છે. છેલ્લા બે દિવસથી સારો એવો વરસાદ પડતાં ચિલોડાનું તળાવ ભરાયું છે. ધણપ, છાલા, ચંદ્રાલા તથા પ્રાંતિજ વિસ્તારમાંથી પણ વરસાદી પાણીનો આવરો રહેતા તળાવ છલકાયું છે. જો કે પાણીનો પ્રવાહ ધીમો હોવાથી ગ્રામજનોને કોઈ મુશ્કેલી પડી નથી. વધારાના પાણીનો પ્રવાહ પ્રાંતિયા ગામના કાંસ દ્વારા પસાર થઈ રહ્યું છે. ચોમાસાની આ સિઝનમાં પહેલીવાર ચિલોડાનું તળાવ ભરાતા ગ્રામજનો ખુશખુશાલ બન્યા છે. ગામના બાળકો તળાવના પાણીમાં ન્હાવાની મોજ માણી રહ્યા છે. તળાવ ભરાતા ચિલોડા પંથકમાં ભુગર્ભ જળ સપાટી ઉંચી આવતા ગ્રામજનોને ખુબ રાહત રહેશે.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# ગીર-સોમનાથ જિલ્લાની રચના

ગાંધીનગર, તા.૧૩

વિધાનસભાની ચુંટણી નજીક આવી પહોંચી છે ત્યારે તમામ પક્ષો પોતપોતાની રીતે મતદારોને આકર્ષીત કરવાના પ્રયાસો કરી રહ્યા છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ પણ આજે સાગરખેડુ સમાજોના વિકાસ અને સશક્તિકરણ માટે મહત્વની જાહેરાતો કરી હતી જેમાં ગીર-સોમનાથ જિલ્લાની રચના કરવાની પણ જાહેરાત કરી હતી. આ ઉપરાંત ૨૦૦ કરોડની માછીમારોની બોટ માટે ડિઝલ સબસીડીની જાહેરાત કરી હતી. નવું સૂત્રાપાડા ફીશરીઝ પોર્ટ બનાવવાની પણ જાહેરાત કરી હતી. આ ઉપરાંત માછીમાર મહિલાઓ માટે સી-વિન્ડ પ્રોજેક્ટની જાહેરાત કરી હતી. મોદીએ કહ્યું હતુ કે કોંગ્રેસ સરકારોના શાસનમાં ગુજરાતનો દરિયાકાંઠો દાણચોરોનો સ્વર્ગ-અડ્ડો બની ગયો હતો. અમે દશ વર્ષમાં ગુજરાતના સમુદ્રકાંઠાને હિન્દુસ્તાનની સમૃદ્ધીની પ્રવેશ દ્વાર બનાવ્યો છે.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સોમનાથમાં વિરાટ સાગરખેડૂ સંમેલનમાં સાગરકાંઠે વસતા ૬૦ લાખ સાગરખેડૂ પરિવારોના સર્વાંગી સશક્તિકરણ અને વિકાસ માટે મહત્વની જાહેરાતો કરી હતી. સોમનાથ સાગરખેડૂ સંમેલનમાં મુખ્ય મંત્રીએ કરેલી મહત્વની જાહેરાતોમાં ગીર-સોમનાથ નવો જિલ્લો પ્રમુખ છે તે સાથે માછીમારોની યાંત્રિક બોટોમાં વપરાતા ડીઝલ ઉપર વેટની સબસીડી વર્ષે રૂા. ૨૦૦ કરોડ ચુકવશે. ૧૧,૦૦૦ બોટો માટે રૂા. ૨૦૦ કરોડની માછીમારોને ડીઝલ સબસીડીરૂપે રાહત રાજ્ય સરકાર સંપૂર્ણ બોજ ઉઠાવશે, તે પણ

● અનુસંધાન પાન-૭ પર


GREEN LEAF
FINE DINE RESTAURANT & CAFE

પર્વો-પ્રસંગોએ વિશિષ્ટ સ્વાદ માણો

ઈન્ફોસીટીમાં શ્રેષ્ઠ પંજાબી ફુડનો આસ્વાદ માણો

ચાઈનીઝી, કોન્ટિનેન્ટલ ફુડ, પીઝા, સીઝલર અને ઘણું બધું

શુદ્ધ શાકાહારી રેસ્ટોરન્ટ

સવારે ૧૧-૦૦ થી બપોરે ૩-૦૦ સુધી ● સાંજે ૬-૩૦ થી રાત્રે ૧૧ સુધી

ગ્રીનલીફ રેસ્ટોરન્ટ એન્ડ કાફે
સુપર મોલ-૨, પહેલો માળ, રીબોક શો-રૂમની ઉપર, ઘ-૦ પાસે, ઈન્ફોસીટી, ગાંધીનગર
www.greenleafrestaurant.in
ફોન : ૯૨૨૮૦૦૧૮૯૬, ૯૫૫૮૨૮૦૫૭

પાર્ટી માટે જગ્યા ઉપલબ્ધ છે : બુકીંગ કરાવો

ગાંધીનગરનું શ્રેષ્ઠ ભોજન







GUJARAT SOLAR PARK

Strengthening India's Renewable Energy Initiatives

Gujarat - Destination to over
600 MW Solar Power Projects
and Asia's Biggest Solar Park



Gujarat Solar Park Village : Charanka, Dist. : Patan

Gujarat
Solar Capital of India